# રાજકોટ મહાનગરપાલિકા

**ટેન્ડર નં.રામન/બાંધકામ(ઈ.ઝો.)/૨૨-૨૩/૪૦**

## એ - ટેકનીકલ બીડ

કામનું નામ

ઈસ્ટ ઝોનનાં જુદા-જુદા મુખ્ય રસ્તાઓ પર ન્યુ ફલાવર બેડ ટાઇપ ડીવાઇડર (સેન્ટ્રલ વર્જ) ‘‘જનભાગીદારી યોજના’’ અંતર્ગત ડીઝાઇન તથા વાર્ષિક પ્રીમીયમ આધારિત ડેવલપ કરવા તથા પાંચ વર્ષ માટે જાળવણી કરવા અંગે એડવર્ટાઇઝમેન્ટ રાઇટસ સહિત આપવા અંગેનું કામ (ત્રીજો પ્રયત્ન)

| | |
|---|---|
| **અંદાજીત રકમ: રૂ.૧,૧૯,૦૦,૦૦૦/-** | **અર્નેસ્ટ મની ડીપોઝીટ: રૂ.૪,૪૦,૭૦૦/-** |
| **ટેન્ડર ફી : રૂ.૧૮૭૫/-** | |

| **મુખ્ય તારીખો** | |
|---|---|
| ૧. ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૩ થી ૧૭/૦૮/૨૦૨૩ સુધી સાંજે ૧૭:૦૦ કલાક સુધી |
| ૨. પ્રી-બીડ મીટીંગ | ૦૮/૦૮/૨૦૨૩ બપોરે ૧૩:૦૦ કલાકે |
| ૩. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | ૧૭/૦૮/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ સુધી |
| ૪. ટેન્ડર ડોક્યુમેન્ટ જરૂરી દસ્તાવેજો સાથે પહોંચતા કરવાની છેલ્લી તારીખ (ફક્ત સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ મારફતે સ્વીકારવામાં આવશે) | ૧૯/૦૮/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ સુધી |
| ૫. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૨૧/૦૮/૨૦૨૩ સવારે ૧૧:૦૦ કલાકે |
| ૬.ટેન્ડરમાં સબમિટ કરવામાં આવેલ તમામ ડોકયુમેન્ટના ઓરીજીનલ રૂબરૂમાં બતાવવાની તારીખ | ૨૨/૦૮/૨૦૨૩ સાંજે ૧૬:૦૦ થી ૧૮:૦૦ દરમ્યાન |
| ૭. પ્રાઇસ બીડ ખોલવાની તારિખ (જો શકય હશે તો) | ૨૩/૦૮/૨૦૨૩ સવારે ૧૧:૦૦ કલાકે |
| ૮. બીડ વેલીડીટી | ૧૮૦ દિવસ |
| ૯. કામની સમયમર્યાદા | ૯૦ દિવસ |
| **વધુ વિગતો www.nprocure.com પરથી મળી શકશે.** | |

**સીટી એન્જીનીયર**

રાજકોટ મહાનગરપાલિકા (ઈસ્ટ ઝોન)

શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, રૂમ નં.૯,

ભાવનગર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧

૧. આ કામના ભાવ ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ થયાથી રાજકોટ મહાનગરપાલિકા, ઈસ્ટ ઝોન ઓફીસ રૂમ નં ૯, ભાવનગર રોડ, રાજકોટના સરનામે ફકત સ્પીડ પોસ્ટ/રજી.એડી.થી મોકલી આપવાના રહેશે.

૨. આ કામે ઈ.એમ.ડી. રૂા. ૪,૪૦,૭૦૦/- (રૂા. ચાર લાખ ચાલીસ હજાર સાતસો પુરા) ની રકમનો રાજકોટ મહાનગરપાલિકાના નામનો ચેક/ ડીડી (પેએબલ એટ રાજકોટ) ટેન્ડર ડોકયુમેન્ટ સાથે કવરમાં અવશ્ય સામેલ કરવાનો રહેશે
તેમજ કવર પર ઈસ્ટ ઝોનનાં જુદા-જુદા મુખ્ય રસ્તાઓ પર ન્યુ ફલાવર બેડ ટાઇપ ડીવાઇડર (સેન્ટ્રલ વર્જ) “જનભાગીદારી યોજના” અંતર્ગત ડીઝાઇન તથા વાર્ષિક પ્રીમીયમ આધારિત ડેવલપ કરવા તથા પાંચ વર્ષ માટે જાળવણી કરવા અંગે એડવર્ટાઇઝમેન્ટ રાઇટસ સહિત આપવા અંગેનું કામ (ત્રીજો પ્રયત્ન)
એવુ લખવાનુ રહેશે.

૩. ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે અને ટેન્ડરમાં માંગવામાં આવેલ દસ્તાવજો સીલબંધ કવરમાં મોકલવાના રહેશે. કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે.

૪. પ્રાઈઝબીડ નીયત ફોર્મમાં ભરી જરૂરી સહી સીકકા કરી રજુ કરવાના રહેશે.

૫. ટેકનીકલ બીડ કવરમાં ટેન્ડર સ્પેશીફીકેશનમાં દર્શાવેલ ફોર્મમાં જરૂરી વિગતો ભરી રજુ કરવાનું રહેશે. જે એજન્સી ટેકનીકલ સ્પેશીફીકેશન મુજબ કવોલીફાઈ થશે ફકત તે જ એજન્સીની પ્રાઈઝબીડ ઓપન કરવામાં આવશે

૬. આ કામે ભાવને મંજુરી મળ્યાનાં દિવસ–૧૦ (દસ) માં સૂચિત કામની ડીવાઇડરની લંબાઇ આધારીત રકમની નેશનલાઈઝડ/ શેડ્યુલ્ડ બેંકની ફિક્સ ડિપોઝીટ ૦૫ વર્ષની મુદતની રાજકોટ મહાનગરપાલિકા તરફેણમાં કઢાવી, બાંધકામ શાખા ઈસ્ટ ઝોનમાં જમાં કરાવવાની રહેશે. તેમજ ધોરણસરનું કરારનામુ કરી આપવાનું રહેશે.

આ ઉપરથી હું/ અમો બાહેધરી-ખાત્રી આપું છું/ આપીએ. છીએ કે, આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ લીસ્ટ મુજબ અને શરતો તેમજ સમજુતી પ્રમાણે વસ્તુ/કામ પુરૂ પાડવા બંધાઉ છું/ બંધાઈ છીએ.

**(એજન્સીના સહી તથા સિક્કા)**

| | | |
|---|---|---|
| ૦૧) કામની વિગત | : | ઈસ્ટ ઝોનનાં જુદા-જુદા મુખ્ય રસ્તાઓ પર ન્યુ ફલાવર બેડ ટાઇપ ડીવાઇડર (સેન્ટ્રલ વર્જ) "જનભાગીદારી યોજના" અંતર્ગત ડીઝાઇન તથા વાર્ષિક પ્રીમીયમ આધારિત ડેવલપ કરવા તથા પાંચ વર્ષ માટે જાળવણી કરવા અંગે એડવર્ટાઇઝમેન્ટ રાઇટસ સહિત આપવા અંગેનું કામ (ત્રીજો પ્રયત્ન) |
| ૦૨) અર્નેસ્ટમનીની રકમ | : | રૂ|. ૪,૪૦,૭૦૦/- અંકે રૂપિયા ચાર લાખ ચાલીસ હજાર સાતસો પુરા (દરેક રસ્તા માટે અલગ-અલગ ભરવાની રહેશે) |
| 03) સંસ્થા/પેઢીનું નામ | : | ____________________ |
| ૦૪) ભાવ ભરનારનું નામ | : | ____________________ |
| ૦૫) સંસ્થાના પ્રતિનિધી/ પ્રોપ્રાઈટર/મેનેજરનું નામ | : | ____________________ |
| ૦૬) સરનામું | : | ____________________ |
| ૦૭) સીક્યોરીટી ડિપોઝીટ | : | ફિક્સ ડિપોઝીટ રૂ. ______________/-<br>(અંકે રૂપિયા _________ લાખ પુરા)<br>(ડીવાઇડરની લંબાઇ આધારીત ) |

**(એજન્સીના સહી તથા સિક્કા)**

## -:: ટેન્ડરની પ્રાથમીક શરતો ::-

૧) ટેન્ડર ભરનાર પેઢી ઓછામાં ઓછી એક વર્ષ જુની હોવી જોઈએ તેમજ આ અંગે માન્ય પુરાવા તરીકે પ્રોફેશનલ ટેક્સ અથવા ઈન્કમટેક્સ રીટર્નની સ્વપ્રમાણીત ઝેરોક્ષ નકલ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.

૨) જો પેઢી પ્રોપ્રાઈટરશીપ પ્રકારની હોય તો માલિકનું પુરૂ નામ અને જો ભાગીદારી પેઢી હોય તો તમામ ભાગીદારોનાં પુરાં નામ-સરનામા, ફોન નંબર અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તમામ ડિરેકટર્સનાં પુરા નામ, સરનામા, ફોન નંબરની વિગત રજુ કરવી તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા સાથે કરાર કરવાની સતા ધરાવતાં ઈસમને જરૂરી અધિકારપત્ર કંપની તરફથી ઈસ્યુ થયેલો હોવો જોઈશે. તેની નકલ આ ટેન્ડરસાથે અવશ્ય આપવાની રહેશે. વિશેષમાં, રાજકોટ મહાનગરપાલિકા સાથેનાં રોજબરોજનાં વ્યવહારમાં જે વ્યક્તિ સતત સંપર્કમાં રહેનાર હોય તેના નામ/સરનામા/ફોન નંબરની વિગતો આપવાની રહેશે.

3) બિડર દ્વારા તમામ ટેક્સ, કરવેરાઓ વિગેરે સહિત ભાવ રજુ કરવાના રહેશે.

૪) બિડરે ચાલુ સાલનો પ્રોફેશનલ ટેક્ષ ભરેલ હોવો જોઈએ. બિડર પાસે લાગુ પડતા લેબર લાઇસન્સ, ઈ.એસ.આઈ. રજીસ્ટ્રેશન. પી.એફ.કોડ, વિગેરે હોવા જોઇશે.

૫) બિડર રાજકોટ શહેર બહારના હશે તો તેમનો સ્થાનિક પ્રતિનિધી હોવો જરૂરી છે. જેથી જરૂરી સમય પર સ્થાનિક પ્રતિનિધીનો સંપર્ક થઈ શકે.

૬) બિડર દ્વારા આ પ્રકારના કામનો ઓછામાં ઓછો એક વર્ષ નો અનુભવ હોવો જોઈએ. જે અન્વયે ભાવ ભરનાર પેઢી દ્વારા આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

૭) બિડર દ્વારા રૂ! ૩૦૦/-ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પર અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થામાં બ્લેક લીસ્ટ / ડીબાર થયેલ નથી તે મુજબનું સેલ્ફ ડિકલેરેશન રજુ કરવાનું રહેશે .

૮) નિયત સમય બાદ રજુ થયેલ બીડ સ્વીકારવામાં આવશે નહી.

૯) આ કોન્ટ્રેક્ટ પાંચ (૫) વર્ષ માટે છે, એટલે કે કોન્ટ્રેક્ટનાં એગ્રીમેન્ટ થયા બાદ વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી પાંચ (૫)વર્ષ સુધી કરારનો અમલ કરવાનો રહેશે.

૧૦) કવર ઉપર ટેન્ડરનું નામ તથા સ્વિકારવાની છેલ્લી તારીખ અને સમય અવશ્ય દર્શાવવાનો રહેશે.

૧૧) ઓછા ભાવનું કે કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે નહી તે બાબતે રાજકોટ મહાનગરપાલિકા નો અબાધિત હક્ક રાખે છે અને આ અંગે કોઈજ કારણ આપવામાં આવશે નહી.

૧૨) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઈ જ શરતી ટેન્ડર તેમજ કોઈપણ ભાવ ભરનારે આવા ફેરફાર કરેલ ટેન્ડર રજુ કર્યુ હશે તો તે સ્વીકારવામાં આવશે નહી.

૧૩) આ કામે ભાવ મંજુરી મળ્યાનાં દિવસ–૧૦ (દસ) માં ડીવાઇડરની લંબાઇ આધારીત રકમની નેશનલાઈઝડ / શેડ્યુલ્ડ બેંકની પાંચ (૫) વર્ષની મુદતની ફિક્સ ડિપોઝીટ રસીદ રાજકોટ મહાનગરપાલિકા તરફેણમાં કઢાવી, રાજકોટ મહાનગરપાલિકા ખાતે રજુ કરી, ધોરણસર સ્ટેમ્પ પેપર ઉપર રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં

કરારનામું (એગ્રીમેન્ટ) કરી આપવાનું રહેશે. એગ્રીમેન્ટ નિયમ મુજબનાં સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે. એગ્રીમેન્ટ માટે જેટલી કિંમતનાં સ્ટેમ્પ પેપર ખરીદવાનાં થાય તે બિડરે સ્વખર્ચે ખરીદ કરી રજુ કરવાનાં રહેશે. બિડર દ્વારા એગ્રીમેન્ટ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ નમુના મુજબ ટાઈપ કરાવી રજુ કરવાનું રહેશે.

૧૩.૧) આ કામે ભાવને મંજુરી મળ્યાને નિયમાનુસાર એજન્સી દ્વારા એગ્રીમેન્ટ કરવામાં નહીં આવે તો, તેમની EMD જપ્ત કરીને પછીના પાંચ (૫)) વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકાના અન્ય કામો માટેના ટેન્ડરમાં ભાગ લેવામાંથી બાકાત રાખવામાં આવશે.

૧૩.૨) આ કામે એજન્સીને વર્કઓર્ડર મળ્યાને નિયમાનુસાર એજન્સી દ્વારા સદર કાર્ય સમયાનુંસાર ચાલુ કરવામાં ન આવતા, રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા એજન્સીનો કરાર ટર્મીનેટ કરીને સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ પાંચ (૫) વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકાના અન્ય કામોના ટેન્ડર પ્રક્રિયામાંથી બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૧૪) મુદત ગણત્રી કરતી વખતે વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ગણત્રી કરવામાં આવશે.

૧૫) ટેન્ડર ઈવેલ્યુએશન દરમ્યાન ટેકનીકલ બીડની તમામ શરત પુર્ણ થતી હોય તેમજ ભાવ પ્રતિ વાર્ષિક પ્રિમિયમ જે બિડરનાં Highest હશે તેને H-1 ડિકલેર કરવામાં આવશે.

૧૬) ટેન્ડરની વેલીડીટી ૧૮૦ દિવસની રહેશે.

૧૭) બિડર દ્વારા ટેન્ડરનું ફિઝીકલ સબમીશન સ્પીડ પોસ્ટ / R.P.A.D. થી મોકલી શકાશે. જેમાં ટેકનીકલ બીડની સાથે EMD નેશનલાઈઝડ બેંકના પેએબલ એટ રાજકોટના

Demand Draft રાખવાના રહેશે. Demand Draft "Rajkot Municipal Corporation" ના નામે રજુ કરવાનો રહેશે.

૧૮) આ કામ બાબતે કોઈ વિવાદ ઉપસ્થિત થશે તો કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે અને તે બીડ કરનારને બંધનકર્તા રહેશે.

૧૯) બિડર દ્વારા ટેન્ડર સ્વખર્ચે ભરવાનું રહેશે જેની જવાબદારી રાજકોટ મહાનગરપાલિકાની રહેશે નહીં.

...............................................

(એજન્સીના સહી તથા સિક્કા)

# ઓનલાઈન ભાવપત્રક

પ્રતિ,

કમિશ્નરશ્રી,

રાજકોટ મહાનગરપાલિકા

**વિષય :- જનભાગીદારીથી રોડ ડીવાઇડર ડેવલપ કરવા બાબત**

**સંદર્ભ :- જાહેર નિવિદા તા. ________________ અન્વયે**

જયભારત સાથ જણાવવાનું કે અમો / અમારી સંસ્થા / પેઢી / કંપની રાજકોટ શહેરમાં ________________________________________ રોડ પર આવેલ રોડ ડીવાઇડર માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો મુજબ પાંચ ૦૫ વર્ષ માટે જાળવણી સહિત ડેવલોપ કરવા માટે વાર્ષિક પ્રીમીયમ આધારિત ઓફર રજુ કરેલ છે. જે માન્ય રાખવા વિનંતી.

| ક્રમ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ ડિવાઇડર (૧ મી પહોળાઈમાં) નાખવા માટેના રસ્તાનું નામ | પ્રથમ વર્ષનું પ્રિમીયમ | | | |
|---|---|---|---|---|---|
| | | અંદાજીત લંબાઇ (મીટર) | ૪ X ૨નાં કિયોસ્ક બોર્ડ માટે | ૩ X ૫નાં કિયોસ્ક બોર્ડ માટે | કુલ વાર્ષિક પ્રીમીયમ |
| ૧ | વોર્ડ નં ૦૪ માં આવેલ સેટેલાઇટ મેઈન રોડ પર ફ્લાવર બેડ ટાઈપ સેંટ્રલ ડિવાઈડર સ્ટોન બેસાડવાનું કામ. | ૧૧૩૦ | | | |
| ૨ | વોર્ડ નં ૦૪ માં નવા મોરબી રોડ પર ગ્રીનલેન્ડ ચોકડીથી બેડી ચોકડી સુધી ફ્લાવર બેડ ટાઈપ | ૩૬૦૦ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | સેંટ્રલ ડિવાઈડર સ્ટોન બેસાડવાનું કામ . | | | | |
| ૩ | વોર્ડ નં. ૫ માં આવેલ આડો પેડક રોડ (કુવાડવા રોડ થી NH સુધી) રોડ પર સી.સી. પ્રિકાસ્ટ ફ્લાવર બેડ ટાઈપ રોડ ડીવાઈડર બેસાડવાનું કામ | ૧૦૦૦ | | | |
| ૪ | વોર્ડ નં. ૫ માં આવેલ આશ્રમ રોડ (કુવાડવા રોડ થી જલગંગા ચોક-સંતકબીર રોડ સુધી) રોડ પર સી.સી. પ્રિકાસ્ટ ફ્લાવર બેડ ટાઈપ રોડ ડીવાઈડર બેસાડવાનું કામ | ૧૦૦૦ | | | |
| ૫ | વોર્ડ નં. ૫ માં આવેલ નવાગામ મેઈન રોડ (NH થી RMC લીમીટ સુધી) રોડ પર સી.સી. પ્રિકાસ્ટ ફ્લાવર બેડ ટાઈપ રોડ ડીવાઈડર બેસાડવાનું કામ | ૬૫૦ | | | |
| ૬ | વોર્ડ નં. ૧૫ માં દૂધસાગર રોડ પર ફ્લાવર બેડ રોડ ડીવાઈડર સ્ટોન નાખવાનું કામ | ૩૮૦૦ | | | |
| ૭ | વોર્ડ નં. ૧૮ માં સ્વાતિ ટાંકાથી રોલેક્ષ્ રોડ સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ૫૯૦ | | | |
| ૮ | વોર્ડ નં. ૧૮ માં કોઠારીયા ગામતળથી સેલીબ્રેશન પાર્ટી પ્લોટ સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ૨૭૮૦ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | વોર્ડ નં. ૧૮ માં સાઈબાબા સર્કલથી કોઠારીયા મેઈન રોડ સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ૯૫૦ | | | |
| ૧૦ | વોર્ડ નં. ૧૮ માં કોઠારીયા ગામતળથી સોલવન્ટ ફાટક સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ૧૮૦૦ | | | |
| ૧૧ | વોર્ડ નં. ૧૮ માં સાઈબાબા સર્કલ તેમજ સોલવન્ટ ફાટક સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ૯૯૦ | | | |
| ૧૨ | વોર્ડ નં. ૧૮ માં ઢેબરભાઈ રોડથી મહાદેવ ફાઉન્ડ્રી સુધીના રોડ પર ડીવાઈડર બેસાડવાનું કામ | ૧૫૦૦ | | | |

**એજન્સી દ્વારા ઉપરોક્ત રોડ વાઈઝ પ્રાઈઝ ભરવાની રેહશે. કુલ રકમ પર H1 એજન્સી તરીકે નક્કી કરવામાં આવશે.**

**નોંધ:**

(૧) ઉપરોક્ત ઓફર મુજબ પ્રતિ વર્ષ ઉત્તરોત્તર ૧૦% (દશ ટકા) વધારો આપવા તૈયાર છીએ.

(૨) વાર્ષિક પ્રીમીયમ કરાર કર્યાની તારીખથી દિવસ-૧૫ માં રાજકોટ મહાનગરપાલિકામાં રોકડેથી કે ડીડી સ્વરૂપે જમા કરાવીશું. તેમજ પછીના શરુ થતા દરેક નવા વર્ષની શરૂઆતના દિવસ-૧૦ એડવાન્સમાં ઉક્ત મુજબ ચુકવવા બાહેધરી આપીએ છીએ. ત્યારબાદ વાર્ષિક ૧૪% લેખે વ્યાજ સહિત ચુકવવા બાહેધરી આપીએ છીએ. આ બાબતે 30 દિવસની ચૂક થયે રાજકોટ મહાનગરપાલિકા અમારી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી શકશે.

(૩) અમારી ઓફર માન્ય થયેથી અમો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લંબાઈ આધારિત નિર્ધારિત સિક્યોરીટ ડીપોઝીટની રકમ ભરપાઇ કરવામાં આવશે.

| ક્રમ | રોડ ડીવાઇડરની લંબાઇ | સિક્યોરીટી ડીપોઝીટ |
|---|---|---|
| ૧ | ૫૦૦ મીટર સુધી | રૂ! ૧,૦૦,૦૦૦/- |
| ૨ | ૫૦૦ મીટરથી ૧૦૦૦ મીટર સુધી | રૂ! ૨,૦૦,૦૦૦/- |
| ૩ | ૧૦૦૦ મીટરથી ૨૦૦૦ મીટર સુધી | રૂ! ૩,૦૦,૦૦૦/- |
| ૪ | ૨૦૦૦ મીટરથી વધુ | રૂ! ૪,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત વિગતે અમોને એવોર્ડ થયેલ રોડ ડીવાઇડરની લંબાઇ આધારિત ફિક્સ ડીપોઝીટ રાજકોટ મહાનગરપાલિકાના નામની રજુ કરવામાં આવશે.

(૪) રાજકોટ મહાનગરપાલિકાની શરતો તથા રૂપરેખાને આધિન જનભાગીદારીથી વાર્ષિક પ્રીમીયમ આધારિત રસ્તા(ઓ)ને પાંચ વર્ષ માટે જાળવણી કરવા સહિત ડેવલપ કરવા અંગે જાહેરાતના રાઇટસ આપવા બાંહેધારી આપીએ છીએ.

તારીખ:

સ્થળ: (એજન્સીના સહી તથા સિક્કા)

## જનભાગીદારી થી નવાં રોડ ડીવાઇડર ડેવલપ કરવા અંગેની

## શરતો અને જોગવાઇઓ

૧) જે રોડ પર ઝાડ/છોડ આવેલ હોય તેવા રોડ પર સેન્ટ્રલ વર્ઝ ડીવાઇડરના ડેવલપમેન્ટ માટેનું પ્લાનીંગ તથા ડીઝાઇન સ્પોન્સર પાર્ટી તરફથી તેમના આર્કિટેકટશ્રી પાસે તૈયાર કરાવી રાજકોટ મહાનગરપાલિકાની મંજુરી મેળવવાની રહેશે. તથા જે રોડ પર ઝાડ/છોડ આવેલ નથી તે રોડ પર ટેન્ડર માં દર્શાવવામાં આવેલ ડીઝાઈન મુજબ ડીવાઈડર કરાવવાના રેહશે જેનું ડીટેઈલ ડ્રોઈંગ એજન્સી દ્વારા રજુ કરવાનું રેહશે. એડવર્ટાઇઝમેન્ટ માટેના પેનલની સાઇઝ મહતમ ૪' X ૨' રાખવાની રહેશે. તથા પેનલ (ટોપ)ની ઉંચાઇ રોડ લેવલ થી મહતમ ૯' રાખવાની રહેશે. તેમજ હૈયાત ઇલેકટ્રીક પોલ પરના કિયોસ્કનું વિઝન અવરોધાય નહીં તથા ટ્રાફીકને નડતર રૂપ થાય નહિં તે રીતે રાજકોટ મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવી ઇન્સ્ટોલ કરવાના રહેશે. બે ઇલેકટ્રીક પોલ વચ્ચે મહતમ ૨-કિયોસ્ક મુકવા અંગે મંજુરી આપવામાં આવશે.

૨) સેન્ટ્રલ વર્ઝ ડીવાઇડરનું ડેવલપમેન્ટ છ(૬) માસની સમયમર્યાદામાં કરવાનું રહેશે. જરૂરી જણાયે સમયમર્યાદા વધારવાની સતા કમિશનરશ્રી પાસે રહેશે. મંજુર થયેલ સમય મર્યાદામાં ડેવલપમેન્ટનું કામ પૂર્ણ કરવામાં નહીં આવે તો રાજકોટ મહાનગરપાલિકા તરફથી ડેવલપમેન્ટ તથા જાળવણી માટે આપેલ રાઇટસ રદ્દ કરી શકશે.

૩) આ સેન્ટ્રલ વર્ઝ ડીવાઇડરના ડેવલપમેન્ટ માટેના જરૂરી સીવીલ કામ, ફેબ્રીકેશન કામ વિગેરે કામ રાખનારે સ્વ-ખર્ચે કરવાના રહેશે. હૈયાત રોડ ડીવાઇડરના સ્થાને નવાં ડીવાઇડર બ્લોક તથા તેને આનુસાંગિક કામો એજન્સીએ સ્વ-ખર્ચે કરવાનાં રહેશે. જુનાં ડિવાઇડર નિકાલ કરતી વખતે લગત એજન્સી દ્વારા હાલમાં ડિવાઇડરમાં રહેલ ઝાડ તેમજ છોડને નુકશાન ન પહોંચે તેની જરૂરી તકેદારી રાખવાની રહેશે.

૪) એજન્સી/સંસ્થા દ્વારા બ્યુટીફીકેશન માટે લાઇટીંગ કરવાની જરૂરીયાત અન્વયે પી.જી.વી.સી.એલ. પાસેથી જરૂરીયાત મુજબનું મીટર સાથેનું વિજ કનેકશન સ્વ-ખર્ચે લેવાનું રહેશે. તથા વિજળી બીલ ભરવાની જવાબદારી એજન્સીની રહેશે. એડવર્ટાઇઝીંગ માટેનાં બેકલીટ પેનલ સોલાર એનર્જી આધારીત કરી શકશે.

૫) ભવિષ્યમાં આ રોડના ડેવલપમાં કોઇ ભાગમાં સુધારો થશે તો પુનઃ સીવીલ કામ વિગેરે સ્પોન્સરે સ્વ-ખર્ચે કરવાનો રહેશે. ભવિષ્યમાં રોશની શાખા કે અન્ય શાખા દ્વારા સેન્ટ્રલ લાઇટીંગનો કેબલ ડેમેજ થવાનાં કિસ્સામાં સામાન્ય રીતે પ્લાન્ટેશનને નુકશાન ન થાય તેની તકેદારી રાખવામાં આવશે. આમ છતાં વધારે નુકશાન થાય તેવા સંજોગોમાં અરસ-પરસ સમજુતીથી નિર્ણય લેવામાં આવશે. જરૂરી રીપેરીંગ કામ પૂર્ણ થયા બાદ થયેલ નુકશાનનું રીપેરીંગ એજન્સીએ સ્વ-ખર્ચે કરવાનું રહેશે.

ડિવાઇડર બન્યા પછી કોર્પોરેશન તરફથી જો કોઇપણ જાતના ફેરફાર અથવા નિકાલ કરવા ડિવાઇડરનો જેટલો ભાગ નીકળશે તે લંબાઇનું પ્રોરેટા અનુસાર એજન્સીને સમય મર્યાદામાં અરસ-પરસ સમજુતીથી વધારો કરી આપવામાં આવશે અને આ બાબતે આખરી નિર્ણય માન. મ્યુનિ. કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે

૬) શહેરનાં જે તે રાજ માર્ગ મધ્યેમાં રાજકોટ મહાનગરપાલિકાની સુચના મુજબ ફુલછોડનું સ્થળ-સ્થિતિને અનુરૂપ વાવેતર સ્પોન્સરે સ્વ-ખર્ચે કરવાનું રહેશે. સદરહું ફુલ છોડના ઉછેર માટે નિયમિત રીતે માટી, ખાતર, પાણી વિગેરેની વ્યવસ્થા એજન્સી/સંસ્થા સ્વ-ખર્ચે કરવાના રહેશે.

ડિવાઇડરમાં હાલમાં પ્લાન્ટેશન થયેલા વૃક્ષો દૂર કરી શકાશે નહિં. પરંતુ આ વૃક્ષોને ધ્યાને લઇ વીઝીબીલીટી યોગ્ય રહે તે રીતે કિયોસ્ક બોર્ડ અરસ-પરસની સમજુતીથી લગાવી શકાશે. તેમજ સમયાંતરે જરૂર જણાયે આ વૃક્ષોને રાજકોટ મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા ટ્રીમીંગ કરવામાં આવશે.

'જનભાગીદારી યોજના' હેઠળ મંજુર થયેલ ડિવાઇડરોમાં ટેન્ડરનાં સમયગાળા દરમ્યાન નવાં મોટા વૃક્ષો વાવવામાં આવશે નહિં.

૭) રોડ સેન્ટ્રલ વર્ઝ વિ.નાં કલર રાજકોટ મહાનગરપાલિકા નકકી કરે તે કલર કોડમાં કરવાનો રહેશે. અને દર વર્ષે એકવાર રાજકોટ મહાનગરપાલિકાની સુચના અન્વયે સંસ્થાએ કલર કરવાનો રહેશે.

૮) પાંચ વર્ષની મુદ્દત માટે ઉકત જગ્યાના વિકાસનો સુવાંગ હકક સંસ્થાઓ જ રહેશે અને આ સમગ્ર પ્રોજેકટમાં માળખાકિય ફેરફાર અથવા અન્ય કોઇ ફેરફાર જેવા કે ગ્રીલનું સ્થળાંતર અથવા દૂર કરવાનું થઇ શકશે નહીં. અનિવાર્ય સંજોગોમાં પરસ્પરની સમજુતીથી ફેરફાર થઇ શકશે.

૯) પાંચ વર્ષની મુદૃત પહેલા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ ગ્રીલ/કિયોસ્કનો નિકાલ કરી શકાશે નહીં.

૧૦) આ અન-ઔપચારિક કરાર માટે કોઇપણ પ્રકારનો કાયદાકિય દાવો લાવી શકશે નહીં.

૧૧) જો સંસ્થા તરફથી ઉપરોકત શરતોનો ભંગ કરવામાં આવશે તો, રાજકોટ મહાનગરપાલિકા ઉપર જણાવેલ તમામ રાઇટસ રદૃ કરી શકશે તથા આ હકકો રાજકોટ મહાનગરપાલિકા તરફથી એજન્સી/સંસ્થાને કોઇપણ પ્રકારની નુકશાનની રકમ કે વળતર ચુકવવામાં આવશે નહીં. તેમજ રાઇટસ રદૃ કરવામાં આવ્યા પહેલા એજન્સી/સંસ્થા તરફથી સ્થાનિકે કરવામાં આવેલ બાંધકામ તથા સુશોભન તેમજ ડેવલપમેન્ટ માટે વપરાયેલ તમામ વસ્તુઓની માલીકી તથા કબજો સ્થળ સહિત રાજકોટ મહાનગરપાલિકા સંભાળી લેશે. આ અંગે કોઇ વાંધો કે તકરાર માન્ય રાખવામાં આવશે નહીં.

૧૨) દર પાંચ વર્ષે સદરહું સેન્ટ્રલ વર્ઝ ડીવાઇડરની જાળવણીની કામગીરી લક્ષમાં લઇ એજન્સી/સંસ્થાને રાજકોટ મહાનગરપાલિકા તરફથી જે રાઇટસ આપવામાં આવેલ છે. તે રીન્યુ કરી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવશે. (પરસ્પર બંને પક્ષો એટલે કે મહાનગરપાલિકા - એજન્સી/સંસ્થા).

૧૩) કરાર પૂર્ણ થયેથી સદરહું એજન્સી/સંસ્થા તરફથી સ્થાનિકે કરવામાં આવેલ બાંધકામ તથા સુશોભન તેમજ ડેવલપમેન્ટ માટે વપરાયેલ તમામ વસ્તુઓની માલીકી તથા કબજો સ્થળ સહિત રાજકોટ મહાનગરપાલિકા સંભાળી લેશે. આ અંગે કોઇ વાંધો કે તકરાર માન્ય રાખવામાં આવશે નહીં.

૧૪) એજન્સી/સંસ્થાએ જુના ફ્લાવર પોટ તથા જુના રોડ ડીવાઇડર તેમજ અન્ય સાઇટ મટીરીયલ્સ રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે સ્થળે પોતાના સ્વખર્ચે ફેરવણી કરી આપના રહેશે.

૧૫) એડર્વટાઇઝમેન્ટ રાઇટસથી રોડ ડીવાઇડર ડેવલપમેન્ટ તથા નિભાવણી કરનાર સંસ્થાએ સિક્યોરીટી ડીપોઝીટ/પર્ફોર્મન્સ ડીપોઝીટ પેટે નીચેની વિગતે ફિક્ષ ડીપોઝીટ રાજકોટ મહાનગરપાલિકાના નામથી રજુ કરવાની રહેશે. કરાર પુર્ણ થયેથી સંતોષકારક કામગીરી જણાયે પરસ્પરની સમજૂતિથી કરારની મુદત વિશેષ પાંચ(૫) વર્ષના સમય માટે ઉક્ત મુજબ ભાવ વધારાની શરત સાથે લંબાવી આપવામાં

આવશે. અન્યથા સદરહુ સિક્યોરીટી ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે. એજન્સી/સંસ્થા દ્વારા કરાર મુજબ નિયમિત નિભાવણી કરવામાં નિષ્ફળ રહ્યેથી સિક્યોરીટી ડીપોઝીટ / પર્ફોર્મન્સ સિક્યોરીટીની રકમ જપ્ત કરવામાં આવશે તથા એજન્સી/સંસ્થા સાથેનો કરાર રદકરવામાં આવશે.

| ક્રમ | રોડ ડીવાઇડરની લંબાઇ | સિક્યોરીટી ડીપોઝીટ |
|---|---|---|
| ૧ | ૫૦૦ મીટર સુધી | રૂ! ૧,૦૦,૦૦૦/- |
| ૨ | ૫૦૦ મીટરથી ૧૦૦૦ મીટર સુધી | રૂ! ૨,૦૦,૦૦૦/- |
| ૩ | ૧૦૦૦ મીટરથી ૨૦૦૦ મીટર સુધી | રૂ! ૩,૦૦,૦૦૦/- |
| ૪ | ૨૦૦૦ મીટરથી વધુ | રૂ! ૪,૦૦,૦૦૦/- |

૧૬) આ કરાર અંગેના આખરી નિર્ણયકર્તા કમિશ્નર, રાજકોટ મહાનગરપાલિકા રહેશે. જે બંને પક્ષોને બંધનકર્તા રહેશે.

૧૭) જે રોડ પર ફ્લાવર બેડ ટાઈપ ડીવાઈડર કરવાના થતા હોય, ત્યાં એજન્સી દ્વારા ડ્રીપ-ઈરીગેશન સિસ્ટમ ઇન્સ્ટોલ કરવાની રેહશે જો પાણી ની મુખ્ય પાઈપલાઈન હયાત હશે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૫ મી.મી. ડા.યા. નાં જરૂરિયાત મુજબના કનેક્શન આપવામાં આવશે.

<u>ઉપરોકત કામે અન્ય શરતોઃ-</u>

૧) મંજુર થયેલ રોડ ડિવાઇડરમાં એજન્સીએ ૬૩.૦૦ એમ.એમ. એચ.ડી.પી.ઇ. પાઇપ લેઇંગ કરવાનો રહેશે. તેમજ રોડ ક્રોસમાં ૭૫.૦૦ એમ.એમ. જી.આઇ. પાઇપનું અત્રેની રોશની શાખા સાથે સંકલન કરી લેઇંગ કરવાનું રહેશે.

૨) ઉપરોકત કામે ટેન્ડરમાં જણાવ્યા અનુસાર આ કામે પાંચ વર્ષ બાદ અરસ-પરસ સમજુતીથી આપવામાં આવેલ સદરહું કામગીરી માટે પાંચમા વર્ષનાં પ્રીમીયમ ઉપર પ્રતિ વર્ષ ઉત્તરોતર ૧૦.૦૦ % પ્રીમીયમમાં વધારો ચુકવવાનો રહેશે.

૩) એડવર્ટાઇઝમેન્ટનાં રાઇટસ મળ્યેથી એચ.-(૧) એજન્સીનાં મંજુર થયેલ વાર્ષિક પ્રીમીયમની રકમનાં વાર્ષિક પેમેન્ટ માટેનાં પોસ્ટ ડેઇટેડ ત્રી-માસીક ચેક એડવાન્સ નવાં વર્ષની શરૂઆતનાં ૧૦ (દસ) દિવસમાં આપવાનાં રહેશે.

૪) સદરહું રસ્તા ઉપરનાં કિયોસ્ક બોર્ડમાં રાષ્ટ્રિય પર્વ/સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવતી યોજના કે અન્ય કોઇ કારણો માટે વાર્ષિક ૧૫-દિવસ રાજકોટ મહાનગરપાલિકાને સદરહું કિયોસ્ક બોર્ડમાં વિનામૂલ્યે જાહેરાત કરવા દેવાની રહેશે.

૫) ઉપરોક્ત - ભાવ પત્રક મુજબ સદરહું ટેન્ડર અનુસારનાં ૬-કામ માટે પ્રતિ રોડ અલગ-અલગ ઓફર આપવાની રહેશે. એડવર્ટાઇઝમેન્ટ રાઇટસનાં બંને કિયોસ્ક બોર્ડ (૪ X ૨ ફુટ અને ૩ X ૫ ફુટ) માટે કુલ વાર્ષિક પ્રીમીયમમાં એચ.-૧ એજન્સીને અત્રે દ્વારા આ અંગેનાં ટેન્ડર શરતો અનુસાર રાઇટસ આપવામાં આવશે.

(એજન્સીના સહી તથા સિક્કા)

## રાજકોટ શહેરમાં જનભાગીદારીથી વાર્ષિક પ્રિમિયમ આધારીત ડેવલપ કરવાના થતા રોડ ડીવાઇડરની વિગત

### ઈસ્ટ ઝોન

| ક્રમ | રસ્તાનું નામ | ડિવાઇડરનો પ્રકાર/પહોળાઇ (મી.) | અંદાજીત લંબાઇ (મીટર) |
|---|---|---|---|
| ૧ | વોર્ડ નં ૦૪ માં આવેલ સેટેલાઇટ મેઈન રોડ પર ફ્લાવર બેડ ટાઈપ સેંટ્રલ ડિવાઈડર સ્ટોન બેસાડવાનું કામ. | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.૦૦ | ૧૧૩૦ |
| ૨ | વોર્ડ નં ૦૪ માં નવા મોરબી રોડ પર ગ્રીનલેન્ડ ચોકડીથી બેડી ચોકડી સુધી ફ્લાવર બેડ ટાઈપ સેંટ્રલ ડિવાઈડર સ્ટોન બેસાડવાનું કામ . | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.૦૦ | ૩૬૦૦ |
| ૩ | વોર્ડ નં. ૫ માં આવેલ આડો પેડક રોડ (કુવાડવા રોડ થી NH સુધી) રોડ પર સી.સી. પ્રિકાસ્ટ ફ્લાવર બેડ ટાઈપ રોડ ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.૦૦ | ૧૦૦૦ |
| ૪ | વોર્ડ નં. ૫ માં આવેલ આશ્રમ રોડ (કુવાડવા રોડ થી જલગંગા ચોક-સંતકબીર રોડ સુધી) રોડ પર સી.સી. પ્રિકાસ્ટ ફ્લાવર બેડ ટાઈપ રોડ ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.૦૦ | ૧૦૦૦ |
| ૫ | વોર્ડ નં. ૫ માં આવેલ નવાગામ મેઈન રોડ (NH થી RMC લીમીટ સુધી) રોડ પર સી.સી. પ્રિકાસ્ટ ફ્લાવર બેડ ટાઈપ રોડ ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.૦૦ | ૬૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૬ | વોર્ડ નં. ૧૫ માં દૂધસાગર રોડ પર ફ્લાવર બેડ રોડ ડીવાઈડર સ્ટોન નાખવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૩૮00 |
| ૭ | વોર્ડ નં. ૧૮ માં સ્વાતિ ટાંકાથી રોલેક્ષ્ રોડ સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૫૯0 |
| ૮ | વોર્ડ નં. ૧૮ માં કોઠારીયા ગામતળથી સેલીબ્રેશન પાર્ટી પ્લોટ સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૨૭૮0 |
| ૯ | વોર્ડ નં. ૧૮ માં સાઈબાબા સર્કલથી કોઠારીયા મેઈન રોડ સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૯૫0 |
| ૧0 | વોર્ડ નં. ૧૮ માં કોઠારીયા ગામતળથી સોલવન્ટ ફાટક સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૧૮00 |
| ૧૧ | વોર્ડ નં. ૧૮ માં સાઈબાબા સર્કલ તેમજ સોલવન્ટ ફાટક સુધીના રોડમાં ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૯૯0 |
| ૧૨ | વોર્ડ નં. ૧૮ માં ઢેબરભાઈ રોડથી મહાદેવ ફાઉન્ડ્રી સુધીના રોડ પર ડીવાઈડર બેસાડવાનું કામ | ન્યુ ફ્લાવર બેડ ટાઈપ/૧.00 | ૧૫00 |

(એજન્સીના સહી તથા સિક્કા)